# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

॥ જય સ્વામિનારાયણ ॥

આશીર્વાદ



પ.પુ. પુરાણી કેશવચરણદાસજી



પુરુષાર્થ



પ.પુ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી

## ધાર્મિક પ્રવૃતિઓ



પ્રોજેક્ટ : પ્રારંભ ૨૦૦૨

લાભાર્થી : હજારો ભક્તો







# ધર્મ પ્રત્યે જાગૃતિ અને ધાર્મિક પ્રવૃતિઓ

## સત્સંગ સભા



ધર્મ એ માનવ સમાજને શિસ્ત અને જીવવાની રીત શીખવે છે. ધર્મ એટલે દેવ-દેવીઓની પૂજા કરવી એટલો માત્ર અર્થ નથી, પરંતુ આપણે કઇ રીતે જીવન જીવવું કે જેથી પોતાનું, પરિવારનું, સમાજનું અને રાષ્ટ્ર સાથે પ્રત્યેક જીવનું કલ્યાણ થાય અને અંતે મોક્ષ પ્રાપ્તિ થાય. સ્વામિનારાયણ ભગવાને પણ હરિભક્તોને સંદેશ આપ્યો છે કે પ્રત્યેક જીવનું કલ્યાણ થાય. વર્ગવિગ્રહના આજના યુગમાં અબુધ અને રહી જતા સમાજ લોભ ખાતર કોઈ સ્વાર્થી સમૂહ અવળે માર્ગે દોરી અને ભ્રમિત કરી રહ્યો છે. ત્યારે એજ પછાત આપણા સનાતન ધર્મથી વિમુખ બની રાષ્ટ્રના હિતને વિસરી ન જાય અને સમાજ પતનને માર્ગે દોરાય ન જાય તે માટે સંતો આવા સમાજ વચ્ચે પંહોચી અને ધર્મ જાગૃતિનું કાર્ય કરી રહયા છે. ગામડે ગામડે સભા કરી સત્સંગ થકી આ સમાજને આપણી ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિ તથા તેનું જીવનમાં મહત્વ સરળ ભાષામાં સમજાવી અને કલ્યાણકારી જીવન જીવવાનો માર્ગ ચીંધી રહયા છે. સાથે સાથે સમાજ નિર્વ્યસની અને નિરોગી બનાવી રહ્યા છે.



## મંદિર નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠા

જેમ હવામાં ભેજ બધે રહેલો હોય પરંતુ તે ભેજનું પાણી આપણે સીધે સીધું પી નથી શકતા તેમ ભગવાન સૃષ્ટિના કણે- કણમાં વ્યાપેલા છે પરંતુ તેમનો અનુભૂતિ સવિશેષ મંદિર જેવા પવિત્ર સ્થાને જ થાય છે. માટે હિંદુ ધર્મમાં મૂર્તિપૂજા અને મંદિરને વિશેષ મહત્વ અપાયું છે. સમાજ ધર્મની સાથે પવિત્રતા ઈચ્છે છે. એ પવિત્રતાની નિકટ આપણને મંદિર લઈ જાય છે. મંદિરના પટાંગણમાં ભેગા થઈ સામાજિક એકતા સાધવાના અનેક પ્રસંગોની ઈતિહાસ ગવાહી પૂરે છે. ગણેશોત્સવ તો આપણા દેશની આઝાદીના આંદોલન સાથે લોકમાન્ય ટીળક જેવા સ્વતંત્રતા સંગ્રામના યોધ્ધાની કુનેહનો એક ઉત્તમ નમુનો છે.

શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠના માધ્યમથી ગામડાઓમાં મંદિર નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠાનું કાર્ય ખૂબ ભાવથી ચાલી રહ્યું છે. સો (૧૦૦) જેટલા મંદિર નિર્માણના સંકલ્પ સાથે આરંભ કરેલા આ પવિત્ર કાર્યમાં અત્યાર સુધીમાં ૨૫ મંદિર નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠાનું કાર્ય ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ધર્મકલ્યાણના ભેખધારી દાતાઓના સહયોગથી પૂર્ણ થયું છે. એટલું જ નહિ વધુમાં વધુ લોકો એક બની અને આ પ્રકલ્પને આગળ ધપાવવામાં કૃતસંકલ્પિત થઈ રહયા હોય એ સંસ્થા પ્રત્યેનો અતુટ વિશ્વાસ દર્શાવે છે. આ મંદિર હિંદુ ધર્મના કોઇપણ દેવી દેવતાઓના હોય છે.

## સનાતન હિંદુ ધર્મથી વિમુખ થયેલાને ઘર વાપસી



ભારત દેશ અસહિષ્ણુ દેશ છે અને અહી ધર્મ જ્ઞાતિના ભેદભાવ વગર સૌ હળીમળીને રહી પોતપોતાના ધર્મને રીતી રિવાજને પાળી શકે છે. એનો અર્થ એ નથી કે અહીના લોકો ધર્મ પ્રત્યે બેધ્યાન છે. ભારતની વૈદિક સંસ્કૃતિ સનાતન ધર્મની વિશ્વ નોંધ લે છે, તેને વખાણે છે, તેની પરમ્પરાને પામી અને પ્રમાણે છે એટલે કે તે પોતે સનાતન પરમ્પરાનો અનુભવ કરી એમાંથી મળેલા સારા પાસાને વિશ્વ સમાજ સમક્ષ મુકે છે.

આવા શ્રેષ્ઠ હિંદુ ધર્મને અભડાવવા વિધર્મી વર્ષોથી પ્રયત્ન કરી રહયા છે. સમજણથી વાત ન બનતા ગરીબ આદિવાસી હિંદુવર્ગને લોભ, લાલચ આપી વટાળ પ્રવૃતિને વેગ આપી રહયા છે. હિંદુને પોતાના ધર્મમાં ખેંચવાનો પ્રયાસો થઈ રહ્યા છે. આ લોભ, લાલચને કારણે ભોળા હિંદુ ધર્મી વટાળ પ્રવૃત્તિનો ભોગ બની રહેલા હોય, તે દિશામાં નિયંત્રણ માટે અને હિંદુ ધર્મથી વિમુખ થનારાની ઘરવાપસી માટે સ્વામિનારાયણ સમ્પ્રદાયના સંતો પ્રયત્ન કરી રહ્યા છે. કપરાડા તાલુકાના મોડુસી ગામ તથા અન્ય ગામોમાં ધર્મ જાગરણ કાર્યક્રમ થકી સેંકડો પરિવારની ઘરવાપસીની નોંધ રાષ્ટ્રફલક ઉપર પ્રચારમાધ્યમોએ લીધી છે.